### કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા

# ૧૯મો સર્વ નેતૃત્વ કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજીત ૧૯મો સર્વ નેતૃત્વ કાર્યક્રમ (લીડરશીપ ટ્રેઈનીંગ પ્રોગ્રામ) તા. ૨૩ થી ૨૭ નવેમ્બર,૨૦૧૬ દરમિયાન સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે યોજાઈ ગયો, જેમા ગાંધીનગર અને કડી કેમ્પસ સ્થિત જુદી જુદી ૧૫ કોલેજોના કુલ ૬૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

'સર્વ નેતૃત્વ' કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ સંચાલન, રાષ્ટ્રીયતા અને વ્યક્તિ પ્રતિભાના ગુણો વિકસે સાથે સાથે દેશના જવાબદાર નાગરિક તરીકેની જવાબદારીથી વાકેફ થાય તે હેતુસર આયોજન કરવામાં આવે છે. સમગ્ર કાર્યક્રમમાં નિષ્ણાત ટ્રેઈનર સુરેશ પટેલ દ્વારા રચનાત્મક રીતે યુવા વિદ્યાર્થીઓને અલગ અલગ પ્રવૃત્તિ જેવી કે યોગાસન, વ્યાખ્યાન, ફિલ્મ, પ્રેઝન્ટેશન, જુથ સંવાદ, ટેલેન્ટ ઈવનીંગ અને વિવિધ રમતો થકી ટાઈમ મેનેજમેન્ટ, લીડરશીપ, ઈવેન્ટ મેનેજમેન્ટ અને ટીમ વર્કિંગની ક્ષમતાને બહાર લાવવા પ્રયત્ન કરાયો હતો. શિબિર દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે ઉડાન ફાઉન્ડેશનનાં શ્રીમતી નિષ્ઠાબેન ઠાકર અને રોડ સેફ્ટી નિષ્ણાત અમિતભાઈ ખત્રી દ્વારા પોતાના જીવન પ્રસંગો વર્ણવવામાં આવ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને નાની નાની સમાજસેવી પ્રવૃત્તિ થકી રાષ્ટ્રનિર્માણમાં સહભાગી થવા આહવાન કર્યું હતું. પાંચ દિવસીય નિવાસી શિબીરના છેલ્લા દિવસે બધા વિદ્યાર્થીઓને હાજીપુર સ્થિત 'મંથન અપંગ કન્યા સેવા સંકુલ'ની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં સંસ્થાનાં સંચાલક નીરૂબેન રાવલ અને તેમની ટીમ દ્વારા દિવ્યાંગ, માનસિક વિશિષ્ટ બહેનો માટે ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી અને તેમની સાથે વિદ્યાર્થીઓની મુલાકાત પણ કરાવવામાં આવી હતી. નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલે ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદબોધન કરતા સંસ્થાની વિસ્તૃત માહિતી આપી હતી અને પૂ. છગનભાના ઉદાહરણ દ્વારા વિદ્યાર્થીઓ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી સમજે એવી આશા વ્યક્ત કરી હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી ડૉ. મણિભાઈ પટેલ, સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના આચાર્ય કનુભાઈ પટેલ પણ તાલીમાર્થીઓનો ઉત્સાહ વધારવા આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્ત્વ કાર્યક્રમના સંયોજક ધર્મેન્દ્રભાઈ પટેલ અને સહાયક પ્રા. નરેન્દ્રભાઈ નાઈ, લાયબ્રેરીયન અંજનાબેન બારોટ તથા પ્રા. પાર્થ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### વિનસ આર્કીટેક્ટચર કૉલેજમાં

## રેન્ડરિંગ ટેકનીક્સ અને પ્રેઝન્ટેશન સ્કિલ વિકસાવવા વર્કશૉપ યોજાયો



ગાંધીનગર, તા. ૧

આર્કીટેક્ટ અને ઈન્ટીરિયલ ડિઝાઈનના અભ્યાસમાં ડિઝાઈન અને તેની યોગ્ય રજૂઆતનું મહત્ત્વ સમજાવતો રેન્ડરિંગ ટૅકનીક્સ અને પ્રેઝન્ટેશન સ્કિલ નામનો બે દિવસીય વર્કશૉપ તાજેતરમાં શહેરની વિનસ ઈન્સ્ટીટ્યુટ ઑફ ડિઝાઈન ઍન્ડ આર્કીટેક્ચર દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો.

આ વર્કશૉપનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓએ બનાવેલી આર્કીટેક્ચર ડિઝાઈનને ક્લાયન્ટ અને જ્યુરી તથા સામાન્ય લોકોને સરળતાથી સમજાવી શકાય, આકર્ષી શકાય તે હતો.

વર્કશૉપમાં વિવિધ નિષ્ણત ફૅકલ્ટીઝ દ્વારા બિલ્ડીંગ ડિઝાઈનમાં મૅક્સિમમ સ્પેસ યુટીલાઈઝેશન, ગ્રીન આર્કીટેક્ચરલ ટૅકનીક્સ અને લૅન્ડસ્કેપિંગ કૉન્સેપ્ટનો ઉપયોગ કરીને બિલ્ડીંગની ડિઝાઈન તૈયાર કરવી તથા તેની રજૂઆત કેવી રીતે કરવી એ શીખવવામાં આવ્યું હતું.

આ વર્કશૉપમાં આર્કીટેક્ચર અને ઈન્ટીરિયર ડિઝાઈનના ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને ગૃપમાં વિવિધ ડિઝાઈન તૈયાર કરી હતી તથા એ ડિઝાઈન અંગેની રજૂઆત પણ જાતે જ કરી હતી.

## માતૃભાષા અભિયાન દ્વારા રવિવારે દેશ અને વિદેશમાં પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા. ૧

માતૃભાષા અભિયાન દ્વારા દર માસના પ્રથમ રવિવારે પુસ્તક પરબનું આયોજન થાય છે, જે અંતર્ગત વિનામૂલ્યે શિષ્ટ સાહિત્યનાં પુસ્તકોનું વિતરણ કરવામાં આવે છે અને ભેટમાં પુસ્તકો, દાન સ્વીકારવામાં આવે છે. પ્રથમ પુસ્તક પરબ બીજી ઑક્ટોબર, ૨૦૧૩ના રોજ શરૂ કરવામાં આવી હતી. સતત બે વર્ષથી ચાલતી આ પરબમાં આશરે અઢી લાખથી વધુ શિષ્ટ સાહિત્યનાં પુસ્તકોની આપ-લે થાય છે.

આ ક્રમમાં આગામી તા. ૪ ડિસેમ્બર ને રવિવારના રોજ સવારે ૭.૩૦થી ૯.૦૦ દરમ્યાન અમદાવાદમાં ૩૫ સ્થળે, ગાંધીનગરમાં, ગુજરાતમાં ૧૦૭ સ્થળોએ, અમેરિકામાં ડેલાવેર સ્ટેટ ખાતે તથા કોલકાતામાં સાહિત્ય ટાઈમ્સ ખાતે પણ પુસ્તક પરબનું આયોજન કરવામાં આવશે.

### ફેન્સિંગની રમત માટે

## પ્રેરણા વિદ્યાલય ખેલ મહાકુંભની રાજ્ય કક્ષાની સ્પર્ધામાં વિજયી



**વિદ્યાર્થીની પાર્વતી ભરતજી ઠાકોરે રાજ્યકક્ષાએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી**

ગાંધીનગર, તા. ૧

રાજ્ય સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ અંતર્ગત ફેન્સિંગની રાજ્યકક્ષાની સ્પર્ધા લીંબડી ખાતે યોજાઈ હતી, જેમાં ગાંધીનગરમાં કાર્યરત પ્રેરણા વિદ્યાલયની વિદ્યાર્થીનીએ પ્રથમ વિજેતાપદ પ્રાપ્ત કરી રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં પોતાની પસંદગી નિશ્ચિત કરી છે.

વિદ્યાલયની વિદ્યાર્થીની પાર્વતી ભરતજી ઠાકોરે રાજ્યકક્ષાએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી છે, રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા દિલ્હી ખાતે યોજાવા જઈ રહી છે.

વિદ્યાર્થીનીને તેની આ અસાધારણ સિદ્ધિ બદલ શાળા પરિવાર વતી ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા તથા પ્રિન્સિપાલ મનીષ ખત્રી દ્વારા બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે તથા રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે તેને સમગ્ર શાળા પરિવાર વતી શુભકામનાઓ પણ પાઠવવામાં આવી છે.

## ડાયરેક્ટ ❤ સે

સવારે મંદિર ખૂલ્યું
ત્યારે કોઈ આવ્યું નહીં
અને બૅન્ક બંધ હતી
તો ત્યાં લોકોની લાઈન હતી
વિચારું છું,
અસલી ભગવાન કોણ છે?

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કહાની-૨
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
અન્ડરવર્લ્ડ બ્લડ વૉર્સ
(અંગ્રેજી, ૩ડી)
૨.૦૦, ૪.૦૦, ૮.૦૦
અન્ડરવર્લ્ડ બ્લડ વૉર્સ
(હિન્દી, ૩ડી)
૬.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
ડિયર જિંદગી
૧.૦૦, ૪.૦૦, ૯.૩૦
ફોર્સ-૨
૭.૦૦

**સ્ક્રીન-૫**
કહાની-૨
૧૦.૦૦, ૨.૦૦,
૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૬**
કહાની-૨
૫.૦૦
ફોર્સ-૨
સવારે ૧૦.૦૦
ડીયર જિંદગી
૧.૦૦

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# જીવન એક સંઘર્ષ : આમ નાગરિક અભ્યાસક્રમની બહાર




સવારના પહોરમાં પૃથ્વી ઉપર સૂર્યનાં કિરણો પડે અને ઊઠતાં જ ઈશ્વરને પ્રાર્થના કરવી પડે કે દિવસ શુભ વિતે છતાં પૂરા દિવસમાં શું થશે એ કદાચ વિશ્વકર્મા જ જાણતા હશે. માનવીના હાથમાં પ્રાર્થના અને હૈયે આશાવાદ વિના કોઈ હકારાત્મકતા રહી નથી. સુખની અપેક્ષામાં આખી જિંદગી દોડ્યા જ કરે એનું નામ માણસ. બધાના અંતરમનમાં લાખો અરમાનો અને અગણિત સ્વપ્નો સંગ્રહાયેલાં છે, જેના માટે તન, મન, ધનથી દરેક વ્યક્તિ પોતપોતાના ક્ષેત્રમાં સતત સંઘર્ષ કરે છે. તેમ છતાં પરિણામ કેવાં મળશે તે વિશે કોઈ જાણતું નથી. ઘણાં લોકો ઈશ્વરમાં, કર્મફળમાં, જ્યોતિષમાં, વિધિ-વિધાનમાં, રીત-રિવાજમાં બિલકુલ માનતા નથી. તેઓની એક જ વિચારધારા છે કે બસ કામ અને ફરજમાં નિષ્ઠા રાખો એટલે જિંદગીમાં બધું સ્વયં સરખું થઈ રહેશે. બીજો વર્ગ એવો છે કે તે ભગવાનમાં શ્રદ્ધા સ્થાનકોમાં, ગુરુજનોમાં, કર્મના નિયમમાં, રીત-રિવાજોમાં પુષ્કળ શ્રદ્ધા ધરાવે છે, જેને સમાજ આસ્તિક વર્ગ તરીકે ઓળખે છે. આસ્તિક વર્ગને નાસ્તિક જોડે બંધ બેસતું નથી. આ બંને વર્ગ સમાજનો હિસ્સો છે. પરંતુ તેઓની વૈચારિક ભૂમિકામાં જમીન આસમાન જેટલો ભેદ છે અને તેઓની બરાબર વચ્ચે ભીંસાઈ જતો વર્ગ છે તે આમ નાગરિકોનો વર્ગ છે. તેના ભાણામાં દાળ-રોટી આવી જાય તો ઈશ્વરનો લાખ લાખ ઉપકાર માને છે! ગતિશીલ ગુજરાતમાં પણ આ પ્રકારના લોકો અને કુપોષણનો શિકાર એવાં પુષ્કળ પ્રમાણમાં છે. જીવનના સંઘર્ષ માટે કોઈ વિકલ્પ કે શૉર્ટ કટ નથી તેથી દરેક વ્યક્તિએ તેની કાર્યશૈલી, લાયકાત, કૌશલ્ય, વલણ, વિહાર-વિચાર વગેરેમાં પ્રતિદિન પરિવર્તન લાવવું જ પડે તો આજના યુગમાં કે સ્પર્ધાત્મક માહોલમાં તે કશુંક હાંસલ કરી શકે! આ સંસાર શું છે? તેનો અર્થ કે મર્મ કોઈ જાણી શક્યું નથી. એક તરફ મંદિરમાં આરતી થતી હોય, બીજી બાજુ પરિણયનાં મંગળ અવસરે ગીતો ગવાતાં હોય તો ત્રીજી તરફ વૃધ્ધ પીડામાં રડતા હોય તો અન્યત્ર કોઈ યુવાન સ્વજન ગુજરી જતાં રૂદન થઈ રહ્યાં હોય. આ પ્રકારના અહેસાસોના સમૂહમાં માનવી ખુદ વિચારહિન થઈ જાય છે, હરિયાળા વનની વનરાજીમાં સિંહ શિકાર કરતો હોય તો બીજી તરફ કોમળ કળી ખૂલીને પુષ્પ થવાની ક્રિયામાં હોય તો અન્યત્ર પુષ્પના રસને પીવામાં ભ્રમર ખુદને ભૂલી ગયો હોય કે વનની નદીમાં મગરમચ્છ ભૂખ મિટાવવા શિકારની શોધમાં વ્યગ્ર હોય - આ દૃષ્ટિએ સમગ્ર સૃષ્ટિમાં દરેક જીવ પોતાની વ્યથાકથામાં ઓતપ્રોત હોય છે!




આ પ્રકારનું વર્તન શાસ્ત્રોમાં પણ કરવામાં આવ્યું છે કે પ્રત્યેક જીવ સંઘર્ષ સાથે જીવી રહે છે પણ માનવી સામાજિક અને વિચારવંત-ભાષા સાથેની ઈશ્વરની કૃતિ છે તેથી તે પણ આયોજન, પ્રબંધન, આકલન કરે છે. ત્યારે જીવનમાં જે વિટંબણાઓ સર્જાય છે તેમાં આર્થિક સૌથી વધુ હોય છે. હાલમાં ભારત દેશ લાઈનમાં ઊભો છે છતાં શાંત છે, શા માટે? નાગરિકોને સારા ભાવિનાં સ્વપ્નો સાકાર કરવાની એક જબરી આશા બંધાઈ છે. ભ્રષ્ટાચાર મુક્ત, ભયમુક્ત, ભૂખમરા મુક્ત શાસનને લાવવાની પ્રધાનમંત્રીની હાકલમાં પ્રજાને ભરોસો છે. આમ નાગરિક હાંસિયામાં તો હતો પણ તે અભ્યાસક્રમની બહાર જ થઈ ગયો એટલે હવે નવી આશાસ્પદ ઘટનામાં તેની શ્રદ્ધા વધી ગઈ છે. ગજા બહારના ભાવ, મોંઘવારી, બેકારી અને વંચિતપણાથી ગરીબો ત્રસ્ત થઈ ગયા છે. બજેટ દ્વારા ફાળવતા કરોડો રૂપિયા ક્યાં જતા રહે છે તેની પણ સમીક્ષા થવી જોઈએ. ગરીબો માટે લડવાવાળા અબજોપતિ કઈ રીતે બની જાય છે તેની મોડસ ઓપરેન્ડી (પ્રણાલિ) પણ પ્રજા સમક્ષ છતી થવી જોઈએ. ગતિશીલ ગુજરાતમાં પણ પ્રૉફેશનલ કોર્સિસમાં પ્રવેશ પ્રક્રિયા દેવદિવાળી સુધી ચાલે અને તેમાં પણ કોઈ એકરૂપતા નહીં!! આમ છતાં આપણે સેવા સેતુના કાર્યક્રમને આશાની દૃષ્ટિથી જ નિહાળીએ છીએ. પરિણામલક્ષી કાર્યપધ્ધતિની કમી છે કે પરિણામ આપનારા લાયકાત ધરાવતા નથી? આ મુદ્દે આમ ભારતીય હવે પ્રશાસન તરફથી જવાબ પ્રાપ્ત કરવા માગે છે. નવી યોજના કરો તો જ કામ કર્યું ગણાય એ પણ વિચાર માગે તેવો મુદ્દો છે. વિજ્ઞાપનોનો અતિરેક છે તે જરૂરી હોય છે પણ હવે પ્રજા જાહેરાતો નહીં, સંતોષ અને જવાબની આસા રાખે છે. કાળું નાણું આમ નાગરિકનાં સ્વપ્ને પણ આવતું નથી છતાં દેશના હિતમાં પ્રામાણિક પ્રયાસમાં દુખ વેઠીને સાથ આપે છે તો હવે પછીના તબક્કે પ્રજાહિત બહાર લાવવાની એક વિશેષ કાળજી પ્રધાનમંત્રીએ લેવી જ પડશે. નોટબંધીના પગલે માહોલ હજી વિકૃત થયો નથી કેમ કે પ્રજાને વિશ્વાસ છે કે ભારતમાં જ પેદા થતું કાળું નાણું હવે અટકી જશે. પ્રજાનાં અરમાનો શ્રીમંતોની જીવનશૈલી જોયા બાદ કેવાં હોય એ કહેવાની જરૂરત નથી. એ વાત અમદાવાદમાં ભાઈ-બહેને ભેગાં થઈ સોનાની જે લૂંટ કરી તેના ઉપરથી સમજી શકાય છે. હવે પછીની તમામ યોજના પથદર્શક અને સક્ષમ મોનિટરીંગ વિના અમલી બને નહીં તે સરકારે જોવું પડશે કેમ કે સેવાનાં બહાને ગરીબોના ભાગના મેવા બીજા જ ખાતા રહે છે. ઉમદા ભાષણ પછી ઉમદા વહીવટ વિના બધું વ્યર્થ થઈ જાય છે.

"આંખોમાં આવતાં જ એ વરસાદ થઈ ગયાં, આશાના ઝાંઝવા જે રહ્યા'તા નઝર સુધી."

**- બેફામ**

## પ્રેરણા વિદ્યાલય દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ-શિક્ષકોનું સ્નેહમિલન

### વિદ્યાલય દ્વારા પોતાની ૨૦ વર્ષની શૈક્ષણિક યાત્રાની ભવ્ય ઉજવણી કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧

સૅક્ટર-૫ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલય પોતાની ૨૦ વર્ષની શૈક્ષણિક યાત્રાની ભવ્ય ઉજવણી કરવા જઈ રહ્યું છે.

આ અંગેની વિગતો આપતાં પ્રિન્સિપાલ મનીષ ખત્રીએ જણાવ્યું છે કે પ્રેરણા વિદ્યાલયની ૨૦ વર્ષની અવિરત શૈક્ષણિક યાત્રાની ઉજવણીના ભાગરૂપે આગામી તારીખ ૨૪ ડિસેમ્બર ને શનિવારના રોજ દ્વિદશાબ્દિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવ અંતર્ગત શાળાના તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું સ્નેહમિલન પણ યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્નેહમિલન હેતુ સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શિક્ષકોને શાળાનો સંપર્ક કરવા તેમણે ઈજન પાઠવ્યું છે. શાળાનો સંપર્ક રૂબરૂ અથવા ફોન નં. ૨૩૨૪૬૦૦૭, મોબાઈલ નંબર (૯૪૨૬૩૫૯૫૨૨)ના માધ્યમથી પણ કરી શકાય છે એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

### 'મારું મધુરું બાળપણ'